**Gujarat Samachar Pg 8, 24th Feb 2022**

# બિટકોઈન ૩૮૦૦૦ પાર:

## આઈસી૧૫માં ૪.૫૮ ટકા ઉછાળો

મુંબઈ તા. ૨૩ : એશિયન ટ્રેડમાં બિટકોઈન બુધવારે ૩૮૦૦૦ ડોલરની સપાટી કુદાવી ગયો હતો. અમેરિકાએ રશિયા પર લાદેલાં પ્રતિબંધોને લીધે યુદ્ધ ફાટી નીકળવાનો ડર ઘટી જવાને લીધે રોકાણકારોએ રાહતનો શ્વાસ લીધો હતો.

આ લખાઈ રહ્યું છે ત્યારે બિટકોઈન લગભગ પાંચ ટકા વધીને ૩૮૮૫૧ ડોલર સુધી પહોંચ્યો છે. ગત સપ્તાહમાં તેમાં આશરે ૧૫ ટકાનો ઘટાડો થયો હતો. બીજા ક્રમાંકની ક્રિપ્ટોકરન્સી ઈથેરિયમ સાત ટકા વધીને ૨૭૧૬ ડોલર પહોંચ્યો છે.

દરમિયાન ક્રિપ્ટોવાયરે લોન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રિપ્ટો ઈન્ડેક્સ આઈસી૧૫ બુધવારે બપોરે ચાર વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં ૪.૫૮ ટકા એટલે કે ૨૪૬૧ પોઈન્ટ વધીને ૫૬૨૫૦ની સપાટીએ બંધ રહ્યો હતો. આ ઈન્ડેક્સ ૫૩૭૮૯ ખુલીને ઉપરમાં ૫૬૩૭૦ સુધી અને નીચામાં ૫૩૬૩૫ ગયો હતો.